અપીલ અરજી નં.૪૦૬ તા.૧૭–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશભાઈ ઉર્ફે ભાણાભાઈ બાબરભાઈ પટેલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશભાઈ ઉર્ફે ભાણાભાઈ બાબરભાઈ પટેલની તા.૧૯–૧૧–૧૦ ની અરજીથી તા.૧૭–૭–૧૦ ના રોજ મે.કમિશ્નરશ્રીને ગેરકાયદેસર બાંધકામ બાબતે રણછોડનગર સર્વે નં.૧૬૦ બ્લોક નં.૧૭૦ મોજે બમરોલી આપેલ અરજી બાબતે શું પગલા લીધા તેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૧૭–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૦૬/૨૦૧૦–૧૧.

શ્રી સુરેશભાઈ ઉર્ફે ભાણાભાઈ બાબરભાઈ પટેલની તા.૧૯–૧૧–૧૦ની અરજીથી તા.૧૭–૭–૧૦ ના રોજ મે.કમિશ્નરશ્રીને ગેરકાયદેસર બાંધકામ બાબતે રણછોડનગર સર્વે નં.૧૬૦ બ્લોક નં.૧૭૦ મોજે બમરોલી આપેલ અરજી બાબતે શું પગલા લીધા તેની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/૬૯૩ તા.૩૧–૧–૧૧થી આપેલ માહિતી કાયદેસર નથી અને માનવાનેપાત્ર નહીં હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને દિન–૧૬ ના વિલંબથી તા.૧૭–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વધુમાં અરજદારની અરજીમાં નિર્દિષ્ટ તા.૧૭–૭–૧૦ ની અરજી અંગે જે કંઈ પણ કાર્યવાહી થયેલ હોય તેની વિગતો તથા ન થયેલ હોય તો તે હકીકત પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૭૧ તા.૨૨–૩–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારનેઅપીલ અરજી સાથે રૂા.૫૦/– નો પોસ્ટલ ઓર્ડર રજુ કરેલ હોઈ તથા અપીલ તબકકે હાલમાં અલાયદી ફી ની જોગવાઈ ન હોઈ તે પરત કરવા સાથે જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ જવાબ માનવાપાત્ર નથી– કાયદેસર નથી તેવા દાવા અંગે આધાર હોય તો રજુ કરવા તથા અરજીમાં જણાવેલ તેમની તા.૧૭–૭–૧૦ ની અરજીની નકલ પણ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૯–૧૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી જાહેર માહિતી અધિકારી કમિ.શ્રીને સંબોધતી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૯૩ તા.૩૧–૧–૧૧ થી " ઉપરોકત વિષયના અનુસંધાને સંદર્ભ હેઠળની અરજીથી માંગવામાં આવેલી માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી" તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ દિન–૧૩ ના વિલંબથી તા.૧૫–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિમાં અપીલ કરવાની જોગવાઈ છે. પરંતુ અપીલ અધિકારીને એવી ખાતરી થાય કે અપીલ કરનાર પૂરતા કારણોસર સમયસર અપીલ કરી શકય ન હતો તો જ ૩૦ દિવસની મુદત વીતી ગયા પછી તેવી અપીલ સ્વીકારી શકશે. જે વિલંબિત અપીલ અંગે અરજદારની વિલંબ માફી રજૂઆતને આધારે તે ગ્રાહય રાખવાનું અપીલ અધિકારીની વિવેક બુધ્ધિને આધિન છે. આમ વિલંબથી થયેલી અરજી કાયદાનુસાર પ્રથમ દર્શીય રીતે ગ્રાહય રાખવાપાત્ર રહેતી નથી. તેમ છતાં કાયદાનું હાર્દ અને પારદર્શીતાને ધ્યાને રાખી અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવે છે. જે બાબતે અપીલ તબકકે જાહેર માહિતી અધિકારીને અરજદારની તા.૧૭–૭–૧૦ ની અરજી બાબતે થયેલી કાર્યવાહી અંગેની વિગતો તથા ન થયેલ હોય તો તેની હકીકત પણ માંગવામાં આવેલ. પરંતુ તે પૂરી પડાયેલ નથી. સાથે અરજદારને પણ માહિતીના વિષય વસ્તુ તા.૧૭–૭–૧૦ ની અરજીની નકલ માટે વિગતો અપીલ તબકકે માંગવા છતાં તે રજૂ કરવામાં નિષ્ફળ રહેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને તા.૩૧–૧–૧૧ ના રોજ આપેલ માહિતી પત્ર ધ્વારા સંદર્ભ હેઠળથી માંગવામાં આવેલ માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. પરંતુ અરજદારની તા.૧૭–૭–૧૦ ની અરજી મળેલ છે કે કેમ? તે અંગે કાર્યવાહી કરેલ છે કે કેમ? તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ અરજદારની તા.૧૭–૭–૧૦ ની અરજી જાહેર માહિતી અધિકારી કક્ષાએ છે કે કેમ? અને હોય તો તે અંગે જે પણ કાર્યવાહી થયેલ હોય તેની વિગતો અરજદારની વિલંબના વાજબીપણા વિનાની અપીલ ધ્યાને લેતાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–પ હેઠળ અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સુરેશભાઈ ઉર્ફે ભાણાભાઈ બાબરભાઈ પટેલ